# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email***suratdeo@gmail.com, Web – deosurat.org*


જા.નં.મા-૨/૨૦૨૬/ ૪૪૬૪ — તા.૩૦/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

**વિષય:** SSA પોર્ટલ પર CTS અંતર્ગત વિદ્યાર્થીઓના અપડેશન તથા ટ્રેકિંગની કામગીરી પૂર્ણ કરવા બાબત.

**સંદર્ભ:** માન. સચિવશ્રીની તા. 29/06/2026 ના રોજ યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સૂચનાઓ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, SSA પોર્ટલ પર CTS (Child Tracking System) અંતર્ગત વિદ્યાર્થીઓની માહિતીનું યોગ્ય રીતે અપડેશન, પ્રમોશન તથા ટ્રેકિંગની કામગીરી શાળાકક્ષાએ સમયસર અને ચોકસાઈપૂર્વક પૂર્ણ કરવાની રહે છે. આ કામગીરી અંતર્ગત તમામ શાળાના આચાર્યશ્રીઓએ નીચે મુજબની બાબતોની ગંભીરતાપૂર્વક નોંધ લઈ ફરજિયાત કાર્યવાહી કરવાની રહેશે.

1. <u>પ્રમોટ (Promotion) કરવાની કામગીરી:</u>

શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને SSA પોર્ટલ પર CTS માં જે તે ધોરણ મુજબ પ્રમોટ (Promotion) કરી આગળના ધોરણમાં ટ્રેકિંગ માટે અપડેટ કરવાના રહેશે.

2. <u>વિદ્યાર્થીઓને ટ્રેક કરવાની કામગીરી:</u> .

- જે વિદ્યાર્થીએ શાળા છોડીને અન્ય શાળામાં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે CTS પોર્ટલ પર નવી શાળા તરફથી આવેલ Request ને ચકાસી સ્વીકાર (Accept) કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
- અન્ય શાળામાંથી આપની શાળામાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી CTS પોર્ટલ પર ચકાસી વિદ્યાર્થીને યોગ્ય ધોરણમાં ટ્રેક કરવાની કામગીરી તાત્કાલિક કરવાની રહેશે.
- CTS અંતર્ગત તમામ વિદ્યાર્થીઓની માહિતી સમયસર અને યોગ્ય રીતે અપડેટ થાય તે માટે આ કામગીરીને પ્રાથમિકતા આપી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.

શાળાનું સત્ર તારીખ ૦૮/૦૬/૨૦૨૬ થી શરૂ થયેલ હોય આપની શાળાના તામ વિદ્યાર્થીઓની CTS માં ટ્રેક કરવાની કામગીરી પૂર્ણ કર્યેથી વિદ્યાર્થીઓને જ્ઞાન સાધના, જ્ઞાન સેતુ, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી જ્ઞાન સાધના જેવી યોજનાઓના લાભ મળી રહેશે આથી CTSમાં વિદ્યાર્થીઓને ટ્રેક કરવાની કામગરી સત્વરે પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત